# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અનુસૂચિત જાતિ કલ્યાણ)

**૧** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૧૩-૦૯-૨૦૧૧, ઠરાવ ક્રમાંકઃ અજક-૧૦૨૦૧૧-૨૮૭-ગ પ્રમાણે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની નીચે દર્શાવેલી ૧૯ યોજનાઓનો અમલ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, મહાનગરપાલિકા વિસ્તાર માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળના જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (જીલ્લા પંચાયત) અને નગરપાલિકા વિસ્તાર માટે મામલતદાર મારફતે કરવાનું ઠરાવવામાં આવેલ છે.

**૨ "આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો"** કાર્યક્રમ હેઠળ તાલુકા કક્ષાએ અમલ માટે ફાળવેલ અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ દર્શાવતું પત્રકઃ-

| અ.નં. | યોજનાનું નામ | પાત્રતા / સહાયના ધોરણો | તાલુકા કક્ષાએ અમલવારી કરનાર |
|---|---|---|---|
| ૧ | શ્રીપરિક્ષીતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજના (ગરીબી નાબુદી કાર્યક્રમ) **બી.સી.કે, ૭૧** | • વિદ્યાર્થી અનુ.જાતિનો હોવો જોઇએ.<br>• ગત વર્ષે પાસ હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૭ માં રૂ.૧૫૦/- વાર્ષિક<br>• ધો.૮ થી ૧૦ માં રૂ.૩૦૦/- વાર્ષિક | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૨ | શ્રી પરિક્ષીતલાલ મજમુદાર પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજના **બી.સી.કે.-૨,** | • વિદ્યાર્થી અનુ.જાતિનો હોવો જોઇએ.<br>• ગત વર્ષે પાસ હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૭ માં રૂ.૧૫૦/- વાર્ષિક<br>• ધો.૮ થી ૧૦ માં રૂ.૩૦૦/- વાર્ષિક | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૩ | મુનિશ્રી મેતરાજ- અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિની યોજના **બી.સી.કે.-૪,** | • અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકો હોવા જોઇએ.<br>• ગત વર્ષે પાસ હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૧૦ માં રૂ.૧૧૦/- દસ માસના ડેસ્કોલર<br>• ધો.૩ થી ૧૦ માં રૂ.૭૦૦/- દસ માસના હોસ્ટેલર<br>• એડહોક- ડેસ્કોલરને રૂ.૭૫૦/- વાર્ષિક<br>• એડહોક- હોસ્ટેલરને રૂ.૧૦૦૦/- વાર્ષિક | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૪ | સરસ્વતી સાધના સહાય યોજના **બી.સી.કે.-૬** | • અનુ.જાતિના હોવા જોઇએ.<br>• ધો.૮ માં અભ્યાસ કરતી હોવી જોઇએ.<br>• શહેરી વિસ્તારમાં ૩ કી.મી. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| | | • ગ્રામ્ય વિસ્તાર માટે ૨.૫ કી.મી.<br>• વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦,૦૦૦/-<br>• સાયકલ આપવામાં આવે છે. | |
| ૫. | આઇ.ટી.આઇ. અને ધંધાકીય તેમજ તાંત્રિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિની યોજના **બી.સી.કે.-૧૩** | • વિદ્યાર્થીએ આઇ.ટી.આઇ. કે ધંધાકીય અભ્યાસક્રમની સંસ્થામાં પ્રવેશ મેળવેલ હોવો જોઇએ.<br>• શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/-<br>• માસિક સ્ટાઇપેન્ડ રૂ.૨૫૦/-<br>• ૧ વર્ષના માન્ય અભ્યાસક્રમ માટે માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૨૫/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૬. | ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને બે જોડી ગણવેશ સહાયની યોજના **બી.સી.કે.-૧૬** | • ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટે<br>• શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/-<br>• બે જોડી ગણવેશ પેટે રૂ.૨૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૭. | અતિ પછાત જાતિના ધો.૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃતિની યોજના **બી.સી.કે.-૧૭.** | • અનુ.જાતિ પૈકી ૧૨ અતિ પછાત જાતિના હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૧૦ તમામને રૂ.૬૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૮ | અતિ પછાત જાતિના ધો.૮ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃતિની યોજના. **બી.સી.કે.-૧૭(એ)** | • અનુ.જાતિ પૈકી ૧૨ અતિ પછાત જાતિના હોવા જોઇએ.<br>• ધો.૧ થી ૧૦ તમામને રૂ.૬૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૯. | માનવ ગરીમા યોજના **બી.સી.કે.-૩૧** | • ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૦૦૦૦/-<br>• શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૫૦૦૦/-<br>• ગ્રીમકો દ્વારા વિવિધ ટ્રેડ માટે કીટ | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| | | પુરી પડવામાં આવે | |
| ૧૦ | સહાય/લોન નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા લોન/ સહાયની યોજના **બી.સી.કે.-૪૩** | • લાભાર્થીને ફકત એક જ સ્થળે દુકાન અથવા વ્યવસાયના હેતુ માટે લોન /સહાય મંજુર કરી શકાશે અને અન્ય કોઇ સ્થળે આવી લોન/સહાય મંજુર કરી શકાશે નહિ.<br>• અરજદારે સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાનો રહેશે.<br>• વાર્ષિક આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- છે.<br>• શહેરી વિસ્તાર ઉપરાંત નગરપંચાયત વિસ્તારમાં ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા રૂ.૭૫૦૦૦/- ની લોન/ સહાય (રૂ.૬૦,૦૦૦/- લોન અને રૂ.૧૫૦૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૧ | સહાય/લોન નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા લોન/ સહાયની યોજના. **બી.સી.કે.-૭૩** | • લાભાર્થીને ફકત એક જ સ્થળે દુકાન અથવા વ્યવસાયના હેતુ માટે લોન /સહાય મંજુર કરી શકાશે અને અન્ય કોઇ સ્થળે આવી લોન/સહાય મંજુર કરી શકાશે નહિ<br>• અરજદારે સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાનો રહેશે.<br>• વાર્ષિક આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- છે.<br>• શહેરી વિસ્તાર ઉપરાંત નગરપંચાયત વિસ્તારમાં ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા રૂ.૭૫૦૦૦/- ની લોન/ સહાય (રૂ.૬૦,૦૦૦/- લોન અને રૂ.૧૫૦૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૨ | કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદ્યકીય સહાય.**બી.સી.કે.-૪૭** | • અનુ.જાતિના હોવા જોઇએ.<br>• આવક મર્યાદા રૂ.૧૨૦૦૦/-<br>• ટી.બી. માટે રૂ.૨૫૦/- માસિક (બાર માસ માટે)<br>• રકતપિત માટે રૂ.૪૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| | | • કેન્સર માટે રૂ.૫૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• ગંભીર પ્રકારની પ્રસુતિ માટે રૂ.૫૦૦/-<br>• સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ.૧૫૦/- | |
| ૧૩ | કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદ્યકીય સહાય. **બી.સી.કે.-૭૪** | • અનુ.જાતિના હોવા જોઇએ.<br>• આવક મર્યાદા રૂ.૧૨૦૦૦/-<br>• ટી.બી. માટે રૂ.૨૫૦/- માસિક (બાર માસ માટે)<br>• રકતપિત માટે રૂ.૪૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• કેન્સર માટે રૂ.૫૦૦/- માસિક, દર્દ મટે ત્યાં સુધી.<br>• ગંભીર પ્રકારની પ્રસુતિ માટે રૂ.૫૦૦/-<br>• સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ.૧૫૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૪ | ડો.આંબેડકર આવાસ યોજના **બી.સી.કે.-૫૦** | • મકાન સહાય રૂ.૪૫૦૦૦/- લાભાર્થી શ્રમફાળો રૂ. ૭૦૦૦/- **કુલ રૂ. ૫૨૦૦૦/-**<br>• ચુકવણી ૩ હપ્તામાં (પ્રથમ હપ્તો રૂ.૨૧૦૦૦/-, બીજો હપ્તો રૂ.૧૫૦૦૦/- અને ત્રીજો હપ્તો રૂ.૯૦૦૦/- )<br>• ટોયલેટ સહાય રૂ.૨૨૦૦/- લાભાર્થી શ્રમફાળો રૂ.૩૦૦/- **કુલ રૂ.૨૫૦૦/-** | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૫. | ડો.આંબેડકર આવાસ યોજના (અતિ પછાત જાતિઓ માટે) **બી.સી.કે.-૫૨** | • લાભાર્થી અતિ પછાત જાતિના હોવા જોઇએ.<br>• શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં |

| | | | |
|---|---|---|---|
| | | નથી.<br>• ગ્રામ્ય વિસ્તાર માટે બી.પી.એલ. | મામલતદારશ્રી. |
| | | • મકાન સહાય રૂ.૪૫૦૦૦/- લાભાર્થી શ્રમફાળો રૂ. ૭૦૦૦/- **કુલ રૂ.૫૨૦૦૦/-** | |
| | | • ચુકવણી ૩ હપ્તામાં (પ્રથમ હપ્તો રૂ.૨૧૦૦૦/-, બીજો હપ્તો રૂ.૧૫૦૦૦/- અને ત્રીજો હપ્તો રૂ.૯૦૦૦/- ) | |
| | | • ટોયલેટ સહાય રૂ.૨૨૦૦/- લાભાર્થી શ્રમફાળો રૂ.૩૦૦/- **કુલ રૂ.૨૫૦૦/-** | |
| ૧૬ | ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના **બી.સી.કે.-૫૪** | • લગ્ન કરનાર બે પાત્રમાંથી એક સવર્ણ જાતિનું હોવું જોઇએ અને એક પાત્ર અનુ.જાતિનું હોવું જોઇએ.<br>• લગ્ન કરનાર પૈકીનું એકપાત્ર ગુજરાતનું હોવું જોઇએ.<br>૩૫ વર્ષની ઉંમર સુધીના વિધુર કે વિધવા પુનરલગ્ન કરે તેને પણ સહાય મળવાપાત્ર થશે.<br>• રૂ.૫૦,૦૦૦/- . તે પૈકી રૂ.૨૫૦૦૦/- ચેક દ્વારા અને રૂ.૨૫૦૦૦/- એન.એસ.સી. દ્વારા. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૭. | કુંવરબાઇનું મામેરૂ. **બી.સી.કે.-૫૫** | • અનુ.જાતિના કુટુંબની પુખ્તવયની એક જ કુમારીકાના લગ્નપ્રસંગે લાભ મળવાપાત્ર છે.<br>• અરજદારની વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ.૨૫૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦૦૦૦/-<br>• રૂ.૫૦૦૦/- લાભાર્થી કન્યાને લગ્ન પ્રસંગે ચેકથી ચુકવાશે. | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |
| ૧૮. | માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન - સમુહ લગ્નોને પ્રોત્સાહન આપવા માટેની યોજના. **બી.સી.કે.-૫૭** | • આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ.૨૫૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૦૦૦૦/- છે.<br>• લાભાર્થી યુગલ લગ્ન માટેની નિયત | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

| | | | |
|---|---|---|---|
| | | વય ધરાવતા હોવા જોઇએ.<br>• ઓછામાં ઓછા દસ યુગલના સમુહ લગ્ન થવા જોઇએ.<br>• યુગલ દીઠ સરવાર સરોવર નર્મદા નિગમ લિ.ના શ્રીનીધિ બાંધી મુદતની થાપણ યોજના હેઠળ રૂ.૫૦૦૦/- ની કયુમ્યુલેટીવ થાપણની કન્યાના નામની રસીદ આપવામાં આવે છે.<br>• આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂ.૧૦૦૦/- રોકડ સહાય, મહત્તમ રૂ.૨૫૦૦૦/- ની મર્યાદામાં. | |
| ૧૯. | રાજા હરિશચંદ્ર અંત્યેષ્ઠિ મરણોત્તર ક્રિયા માટેની યોજના. બી.સી.કે.-૬૨ | • આવક મર્યાદા રૂ.૧૫૦૦૦/-<br>• કુટુંબના સભ્યના મૃત્યુ થયાના છ માસમાં અરજી કરવાની રહે.<br>• રૂ.૨૫૦૦/- | • ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકા વિસ્તારમાં મામલતદારશ્રી. |

3 આવશયક બાબતો

૧. “આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો“ (ATVT) અંતર્ગત તબદીલ થયેલ યોજનાઓના અમલ માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, સમાજ સુરક્ષા હેઠળના તાલુકા / જીલ્લા કક્ષાએથી ઉપલબ્ધ સમાજ કલ્યાણ નિરીક્ષકોના મહેકમની એવી રીતે ફાળવણી કરવાની રહેશે જેથી દરેક તાલુકા કક્ષાના સેવા કેન્દ્ર માટે ઓછામાં ઓછો એક સમાજ કલ્યાણ નિરીક્ષક ઉપલબ્ધ થાય. તાલુકા કક્ષાએ નિમાયેલ નિરીક્ષકોએ અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા કલ્યાણ એમ ત્રણેય ખાતાની તબદીલ થયેલ યોજનાઓની કામગીરી કરવાની રહેશે. તેમણે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી / મામલતદારના તાબા, નિયમન અને દેખરેખ (Command, Control and Supervision) હેઠળ નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની રહેશે. તબદીલ થયેલ યોજનાઓ સિવાયની ખાતા હસ્તકની યોજનાઓની કામગીરી પણ સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકોએ જ કરવાની રહેશે. તબદીલ થયેલ નિરીક્ષકો ઉપર શિસ્ત વિષયક કાર્યવાહી માટે જે તે નિયામક હસ્તક હાલની પ્રથા ચાલુ રહેશે.

૨. ગુજરાત સરકારના કામકાજના નિયમો (Rules of Business) ના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે પ્રભારી વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે.

૩. નાણાકીય અને વહીવટી સત્તાઓના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે ખાતાના વડાની (Directorate) ભૂમિકા હાલની પ્રથા પ્રમાણે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ બજાવશે.

૪. તબદીલ થયેલ યોજનાઓનું સ્વરૂપ અને ઢાંચો આ યોજનાઓ અંગે વખતો વખત થયેલ ઠરાવો, પરિપત્રો અને જાહેરનામા પ્રમાણે રહેશે.

૫. તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને તબદીલ થયેલી યોજનાઓને જરૂરિયાત મુજબ ગ્રાન્ટની ફાળવણી જીલ્લા કક્ષાએથી જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (જીલ્લા પંચાયત) દ્વારા કરવામાં આવશે. તબદીલ થયેલ ગરીબ લક્ષી યોજનાઓના સાંગોપાંગ અમલ માટે તાલુકા કક્ષાના સેવા કેન્દ્રો ઉપર તેમનો Command, Control, Supervision and Accountability તરીકેની ભૂમિકા ચાલુ રહેશે.

૬. તાલુકા સેવા કેન્દ્રો ખાતે તબદીલ થયેલી યોજનાઓ માટે તાલુકા કક્ષાએ કાર્યક્રમ અને પૂરતું મહેકમ ન ગોઠવાય ત્યાં સુધી, યોજનાઓ ખોરંભે ન પડી જાય અને છેવાડાના ગરીબ લાભાર્થીઓ યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય તે માટે પ્રવર્તમાન અમલીકરણ તંત્રએ અમલ ચાલુ રાખવાનો રહેશે.

૭. તબદીલ થયેલી યોજનાઓના સરળ અમલીકરણમાં વહીવટી, નાણાકીય, મહેકમ કે અન્ય આનુષાંગિક ઊભા થતા પ્રશ્નો / મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની જવાબદારી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

## સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ(સમાજ સુરક્ષા) ની કામગીરી

૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦/૧૧/૧૬૧/છ-૧, તા.૨૭/૪/૨૦૧૧ તથા તા. ૩/૦૫/૨૦૧૧ના ઠરાવથી તાલુકાના લાભાર્થીઓને તાલુકાકક્ષાએથી લાભો મળી રહે તે માટે સમાજ સુરક્ષાની નીચે જણાવેલ ત્રણ યોજનાઓ અમલી બનાવેલ છે.

**(૧) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃધ્ધ પેન્શન યોજના અને વયવંદના યોજનાઃ-**

૧) આ યોજના અનુસંધાને અરજદારને પેન્શન મંજુર કરવાની અને ચૂંકવણું કરવાની સત્તા તાલુકા મામલતદારને આપવામાં આવે છે.

૨) તાલુકા મામલતદારના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા સબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવે છે.

૩) સમાજ સુરક્ષા નિયામક તરફથી ગ્રાન્ટ સીધા જ સબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવશે અને તેમના ધ્વારા તાલુકા મામલતદારોને ગ્રાન્ટ આપવાની રહેશે.

(૨) નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોના નિભાવ માટેની યોજનાઃ-

૧) આ યોજના અનુસંધાને અરજદારને પેન્શન મંજુર કરવાની અને ચૂકવણું કરવાની સત્તા તાલુકા મામલતદારને આપવામાં આવે છે.

૨) તાલુકા મામલતદારના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા સબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવે છે.

૩) સમાજ સુરક્ષા નિયામકશ્રી તરફથી ગ્રાન્ટ સીધા જ સબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવશે અને તેમના ધ્વારા તાલુકા મામલતદારને ગ્રાન્ટ આપવાની રહેશે.

(૩) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના)

૧) આ યોજના અનુસંધાને અરજદારને સહાય મંજુર કરવાની અને ચૂકવણું કરવાની સત્તા તાલુકા મામલતદારને આપવામાં આવે છે.

૨) તાલુકા મામલતદારના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા સબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવે છે.

૩) સમાજ સુરક્ષા નિયામક તરફથી ગ્રાન્ટ સીધા જ સબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવશે અને તેમના ધ્વારા તાલુકા મામલતદારોને ગ્રાન્ટ આપવાની રહેશે.

૨ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૯/૨૦૧૧ ના ઠરાવક્રમાંકઃ અપગ/ ૧૦૨૦૧૧/ ૧૬૧/છ.૧"આપણો તાલુકો-વાઈબ્રન્ટ તાલુકો" અંતર્ગત સમાજ સુરક્ષાની યોજનાઓ સોંપવા માં આવેલ છે.

3 તાલુકા કક્ષાના લાભાર્થીઓને જિલ્લા કક્ષાને બદલે તાલુકા કક્ષાએથી જરૂરી લાભો આપી શકાય તે માટે રાજય સરકાર ધ્વારા ભઆપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકોભ કાર્યક્રમને

અમલમાં મૂકવા તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્રો ઉભા કરવાનો નિર્ણય સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત સમાજ સુરક્ષાની ત્રણ યોજનાઓ “આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો” યોજના હેઠળ તબદીલ કરેલ છે. તાલુકા કક્ષાએ વધુ યોજનાઓ તબદીલ કરી લાભાર્થીઓને તાલુકા કક્ષાએ જ સરકારી યોજનાઓનો લાભ મળી શકે તે માટે નિયામક, સમાજ સુરક્ષા ખાતા હેઠળની નીચે જણાવેલ ૮ યોજનાઓનો અમલ તાલુકા કક્ષાએ મામલતદાર/સક્ષમ અધિકારી મારફતે કરવાનું ઠરાવવામાં આવેલ છે :-

૧. અશકતો માટેની શિષ્યવૃત્તિની યોજના
૨. અશકતોને ઓળખકાર્ડ અને એસ.ટી.માં મફત મુસાફરીની યોજના
૩. અશકતોને સાધન સહાય યોજના
૪. અષ્ટાવક્ર યોજના-સમુદાય આધારિત પુનઃવસવાટ કાર્યક્રમ
૫. અશકત વિધવા બહેનોને મકાન સહાયની યોજના
૬. અશકત વ્યકિતઓના કુટુંબીજનોને વીમા સહાયની યોજના
૭. ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજના સ્કીમ અને સંતસુરદાસ યોજના
૮. અશકત વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમ/ટેકનીકલ તાલીમ માટે આર્થિક સહાય યોજના

૪ આવશ્યક બાબતો

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો કાર્યક્રમ અંતર્ગત તબદીલ થયેલ યોજનાઓના અમલ માટે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ અને નિયામક, સમાજ સુરક્ષા હેઠળના તાલુકા / જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ સમાજ કલ્યાણ નિરીક્ષકોના મહેકમની એવી રીતે ફાળવણી કરવાની રહેશે, જેથી દરેક તાલુકા કક્ષાના સેવા કેન્દ્ર માટે ઓછામાં ઓછા એક સમાજ કલ્યાણ નિરીક્ષક ઉપલબ્ધ થાય. તાલુકા કક્ષાએ નિમાયેલ નિરીક્ષકોએ અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ કલ્યાણ તથા સમાજ સુરક્ષા એમ ત્રણેય ખાતાની તબદીલ થયેલ યોજનાઓની કામગીરી કરવાની રહેશ. તેમણે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી / મામલતદારના તાબા, નિયમન અને દેખરેખ (Command, Control and Supervision) હેઠળ નિષ્ઠાપૂર્વક

કામગીરી કરવાની રહેશે. તબદીલ થયેલ યોજનાઓ સિવાયની ખાતા હસ્તકની યોજનાઓની કામગીરી પણ કરવાની રહેશે. તબદીલ થયેલા નિરીક્ષકો / સ્ટાફ ઉપર શિસ્ત વિષયક કાર્યવાહી માટે જે તે નિયામક હસ્તક હાલની પ્રથા ચાલુ રહેશે.

(૨) ગુજરાત સરકારના કામકાજના નિયમો **(Rules of Business)**ના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે પ્રભારી વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે.

(૩) નાણાકીય અને વહીવટી સત્તાઓના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે ખાતાના વડાની **(Directorate)** ભૂમિકા હાલની પ્રથા પ્રમાણે નિયામક, સમાજ સુરક્ષા ખાતું બજાવશે.

(૪) તબદીલ થયેલ યોજનાઓનું સ્વરૂપ અને ઢાંચો આ યોજનાઓ અંગે વખતો વખત થયેલા ઠરાવો, પરિપત્રો અને જાહેરનામા પ્રમાણે રહેશે.

(૫) સમાજ સુરક્ષા નિયામકશ્રીની તમામ યોજનાઓમાં ગ્રાન્ટની ફાળવણી સમાજ સુરક્ષા નિયામકશ્રી ધ્વારા પ્રથમ કલેકટરશ્રીઓને અને ત્યારબાદ કલેકટરશ્રીઓ ધ્વારા મામલતદાર/સંબંધિત સક્ષમ અધિકારીને કરવાની રહેશે. તબદીલ થયેલી ગરીબલક્ષી યોજનાઓના સાંગોપાંગ અમલ માટે તાલુકા કક્ષાના સેવા કેન્દ્રો ઉપર તેમની **Command, Control, Supervision and Accountability** તરીકેની ભૂમિકા ચાલુ રહેશે.

(૬) તાલુકા સેવા કેન્દ્રો ખાતે તબદીલ થયેલી યોજનાઓ માટે તાલુકા કક્ષાએ કાર્યક્ષમ અને પૂરતું મહેકમ ન ગોઠવાય ત્યાં સુધી યોજનાઓ ખોરંભે ન પડી જાય અને છેવાડાના ગરીબ લાભાર્થીઓ યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય તે માટે પ્રવર્તમાન અમલીકરણ તંત્રએ અમલ ચાલુ રાખવાનો રહેશે.

(૭) તબદીલ થયેલી યોજનાઓના સરળ અમલીકરણમાં વહીવટી, નાણાકીય, મહેકમ કે અન્ય આનુષંગિક બાબતોના ઉભા થતાં પ્રશ્નો / મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની જવાબદારી નિયામક, સમાજ સુરક્ષાએ જિલ્લા મહેસૂલી તંત્રના પરામર્શમાં લાવવાની રહેશે.

# સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ( વિકસતિ જાતિ કલ્યાણ)ની કામગીરી:

૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તારીખઃ-૧૫-૯-૨૦૧૧ ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૧-૧૦૪૫-અ.૧ તથા ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૧૧/૧૦૪૫/અ૧ તા.૧૧/૧૧/૨૦૧૧ થી “આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો” અંતર્ગત નીચે જણાવેલ પત્રકમાં દર્શાવેલી ૨૨ યોજનાઓનો અમલ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, મહાનગર પાલિકા વિસ્તાર માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના નાયબ નિયામક (વિ.જા.) / સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) અને નગરપાલિકા વિસ્તાર માટે મામલતદાર મારફતે કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | યોજનાનુ નામ |
|---|---|
| ૧ | પ્રિ એસએસસીના વિધ્ધાર્થીઓને શિષ્યવૃતી બીસીકે-૭૬ |
| ૨ | ધોરણ ૧થી૪ માં ભણતા બક્ષીપંચના વિધ્ધાર્થીઓને શિષ્યવૃતી બીસીકે-૭૭ |
| ૩ | અતિપછાત જાતિના ધોરણ ૧થી૧૦ના બાળકોને શિષ્યવૃતી બીસીકે-૨૮૯ |
| ૪ | ઉચ્ચતર માધ્યમિક ધોરણ ૧૧-૧૨મં અભ્યાસ કરતાં વિધ્ધાર્થીઓને શિષ્યવૃતી બીસીકે-૮૨ |
| ૫ | તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે શિષ્યવૃતી બીસીકે-૮૩ |
| ૬ | ધોરણ ૧થી ૭ માં ભણતા બાળકોને બે જોડ ગણવેશ માટે સહાય બીસીકે-૮૫ |
| ૭ | ધોરણ ૮ માં ભણતી કન્યાઓને સાયકલ સહાય( સરસ્વતી સાધના યોજના) બીસીકે-૯૭ |
| ૮ | કુટીર ઉધ્ધોગો સહીત પરંપરાગત વ્યવસાયોમાં સ્વરોજગારી માટે નાણાકીય સહાય/ બેંકેબલ બીસીકે-૧૦૦ |
| ૯ | પછાત વર્ગના ઈસમોને કળા કૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય બીસીકે-૧૦૧(એ) |
| ૧૦ | શહેરી વિસ્તારોમાં નાના ઉધોગ સાહસિકોને નાણાકીય સહાય બીસીકે -૧૧૨ |
| ૧૧ | મફત તબીબી સહાય બીસીકે-૧૧૬ |
| ૧૨ | પંડિત દિન દયાળ આવાસ યોજના બીસીકે-૧૧૯ (૨૯૮) |
| ૧૩ | મુકરર તાલુકામાં મુકરર કરેલ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો માટે ખાસ યોજના બીસીકે-૧૨૨ |
| ૧૪ | કુંવરબાઇના મામેરા માટે નાણાકીય સહાય બીસીકે-૧૨૩ |
| ૧૫ | સાતફેરા સમૂહલગ્ન માટે નાણાકીય સહાય બીસીકે-૧૨૫ |
| ૧૬ | પૂર્વ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ (વિચરતી વિમુકત જાતિ) બીસીકે-૧૩૬ |
| ૧૭ | તકનીકી અને વ્યવસાયીક અભ્યાસક્રમો માટે શિષ્યવૃતી(વિચરતી વિમુકત જાતિ) બીસીકે-૧૩૯ |
| ૧૮ | ધોરણ ૧થી ૭ માં ભણતા બાળકોને બે જોડ ગણવેશ માટે સહાય (વિચરતી વિમુકત જાતિ) બીસીકે-૧૪૦ |
| ૧૯ | ધોરણ-૧ થી ૭ માં ભણતા અતિપછાત જાતિના બાળકોને ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ બીસીકે-૧૪૧ |

| | |
|---|---|
| ૨૦ | સ્વરોજગારી માટેની માનવ ગરિમા યોજના (વિચરતી વિમુકત જાતિ) બીસીકે-૧૪૬ |
| ૨૧ | મફત તબીબી સહાય (વિચરતી વિમુકત જાતિ) બીસીકે-૧૪૯ |
| ૨૨ | પંડિત દીનદયાળ આવાસ યોજના (વિચરતી વિમુકત જાતિ) બીસીકે-૧૫૧ |

## ૨ આવશ્યક બાબતો;

૧. ‘આપણો તાલુકો - વાઇબ્રન્ટ તાલુકો’ (ATVT) અંતર્ગત તબદીલ થયેલી યોજનાઓના અમલ માટે નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ ; નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, સમાજ સુરક્ષા હેઠળના તાલુકા / જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ સમાજ કલ્યાણ નિરીક્ષકોના મહેકમની એવી રીતે ફાળવણી કરવાની રહેશે જેથી દરેક તાલુકા કક્ષાના સેવા કેન્દ્ર માટે ઓછામા ઓછો એક સમાજ કલ્યાણ નિરીક્ષક ઉપલબ્ધ થાય. તાલુકા કક્ષાએ નિમાયેલ નિરીક્ષકોએ અનુસુચિત જાતિ કલ્યાણ , વિકસતી જાતિ કલ્યાણ તેમજ સમાજ સુરક્ષા કલ્યાણ એમ ત્રણેય ખાતાની તબદીલ થયેલ યોજનાઓની કામગીરી કરવાની રહેશે. તેમણે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી / મામલતદારના તાબા, નિયમન અને દેખરેખ (Command, Control and supervision) હેઠળ નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની રહેશે. તબદીલ થયેલ યોજનાઓ સિવાયની ખાતા હસ્તકની યોજનાઓની કામગીરી પણ સંબધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકોએ જ કરવાની રહેશે. તબદીલ થયેલા નિરીક્ષકો ઉપર શિસ્ત વિષયક કાર્યવાહી માટે જે તે નિયામક હસ્તક હાલની પ્રથા ચાલુ રહેશે.

૨. ગુજરાત સરકારના કામકાજના નિયમો (Rules of Business) ના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે પ્રભારી વિભાગ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ રહેશે.

૩. નાણાકીય અને વહીવટી સત્તાઓના સંદર્ભમાં તબદીલ થયેલી યોજનાઓ માટે ખાતાના વડાની (Directorate) ભૂમિકા હાલની પ્રથા પ્રમાણે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ બજાવશે.

૪. તબદીલ થયેલ યોજનાઓનુ સ્વરૂપ અને ઢાંચો આ યોજનાઓ અંગે વખતો વખત થયેલા ઠરાવો, પરિપત્રો અને જાહેરનામા પ્રમાણે રહેશે.

૫. તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને તબદીલ થયેલી યોજનાઓને જરૂરીયાત મુજબ ગ્રાન્ટની ફાળવણી જિલ્લા કક્ષાએથી નાયબ નિયામક(વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ધ્વારા કરવામાં આવશે. તબદીલ થયેલી ગરીબ લક્ષી

યોજનાઓના સાંગોપાંગ અમલ માટે તાલુકા કક્ષાના સેવા કેન્દ્રો ઉપર તેમની Command, Control, supervision and Accountability તરીકેની ભૂમિકા ચાલુ રહેશે.

૬. તાલુકા સેવા કેન્દ્રો ખાતે તબદીલ થયેલી યોજનાઓ માટે તાલુકા કક્ષાએ કાર્યક્ષમ અને પુરતુ મહેકમ ન ગોઠવાય ત્યાં સુધી, યોજનાઓ ખોરંભે ન પડી જાય અને છેવાડાના ગરીબ લાભાર્થીઓ યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય તે માટે પ્રવર્તમાન અમલીકરણ તંત્રએ અમલ ચાલુ રાખવાનો રહેશે.

૭. તબદીલ થયેલી યોજનાઓના સરળ અમલીકરણમાં વહીવટી, નાણાકીય, મહેકમ કે અન્ય આનુષાંગિક ઉભા થતાં પ્રશ્નો / મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાની જવાબદારી નિયામક, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.